નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/ ૧૦૬
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૨૮/૦૭/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ– મિલ્કતના વણવપરાશી સમયગાળા માટે વસુલ કરવાપાત્ર થતી વણવપરાશી દંડની રકમ પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૩% ના સ્થાને ૨% લેખે વસુલવા બાબતે.**

સંદર્ભઃ– નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૮૯, તા.૦૬.૦૭.૨૦૧૭

નિગમ સમક્ષ રજુ થતા કિસ્સાઓ જેવા કે પેટા વિભાજન, એકત્રીકરણ, પેટાભાડા વિગેરેમાં મિલ્કતના વણવપરાશી સમયગાળા માટે પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૩% લેખે વણવપરાશી દંડ વસુલ લેવાની જોગવાઈ અમલમાં છે. નિગમ ધ્વારા ઉકત સંદર્ભિત પરિપત્રથી વપરાશી તેમજ વણપવરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. સદર તબદીલી અંગેની નીતિમાં વણવપરાશી દંડ પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૩% ના સ્થાને ૨% લેખે વસુલ લેવાનું ઠરાવેલ છે. જયારે અન્ય કિસ્સાઓ જેવા કે પેટા વિભાજન, એકત્રીકરણ, પેટાભાડા વિગેરેમાં વણવપરાશી દંડ પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૩% લેખે વસુલ લેવાની જોગવાઈ અમલમાં છે. જેથી તમામ કિસ્સાઓમાં એકસુત્રતા જળવાય તે હેતુસર પેટાવિભાજન, એકત્રીકરણ, પેટા ભાડા વિગેરેમાં પણ વણવપરાશી દંડ પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૨% લેખે વસુલાત કરવાની રહેશે.

જે કિસ્સાઓમાં વણવપરાશી દંડની રકમ ભરપાઈ કરી દેવામાં આવેલ હોય તેવા કિસ્સાઓ પુનઃ ખોલવાના રહેશે નહિ.

– સહી–
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ–૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**